૯

<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>
વિકસતી જાતિઓ માટેની યોજનાઓના
પ્રચાર-પ્રસાર બાબત
રૂ.૫૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૯/૨૮૨૦૫૦/ન.બા-૮૦/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૯/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/યોજના/૨૦૧૯-૨૦/૨૭

<u>આમુખઃ-</u>

રાજય સરકાર દ્વારા વિકસતી જાતિ કલ્યાણ ખાતા તેમજ સરકાર હસ્તકના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ તેમજ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક પછાત વર્ગો, લઘુમતી અને વિચરતી વિમુકત જાતિઓના શૈક્ષાણિક, આર્થિક ઉત્કર્ષ અને આરોગ્ય, વસવાટ માટેના સર્વાંગી વિકાસ માટે અમલિત વિવિધ યોજનાઓની જાણકારી છેવાડાના માનવીઓને સરળતાથી મળી રહે અને વંચિતો યોજનાઓનો લાભ સરળતાથી લઇ શકે તે માટે આ વિવિધ યોજનાઓનો બહોળો પ્રચાર-પ્રસાર કરવા માટેની રૂ.૫૦૦.૦૦ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૧)થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિઓ માટેની યોજનાઓના પ્રચાર-પ્રસાર કરવા માટે રૂ.૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો લાખ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

→

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) પ્રસાર-પ્રચાર અંગે જોગવાઇઓ/ સૂચનાઓનો અભાવ હોય ત્યાં માહિતી ખાતાનો પરામર્શ કરવાનો રહેશે અને ખાતા રાહે કાર્યવાહી કરવી પડે તે કિસ્સામાં નિયત સ્પર્ધાત્મક પ્રક્રિયા અનુસરવાની રહેશે.

(૧૨) આ વિભાગની પૂર્વ મંજૂરી લઇને જ આદેશો બહાર પાડવાના અને ખર્ચ કરવાનો રહેશે. તે સિવાય કોઇ આદેશો બહાર પાડી શકાશે નહીં.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ – નિર્દેશ અને વહીવટ, પેટા સદર: ૦૩ – ઓબીસી – ૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(વિજય પી. ચોટલિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ